માનનીય અધ્યક્ષશ્રી,

માંગણી ક્રમાંક ૮૬ માર્ગો અને પુલો માટે રજુ થયેલ પુરક માંગણીને હું સમર્થન આપુ છું.

- રાજય અતિ સુદ્રઢ માર્ગ આંતરમાળખાકીય સુવિધા ધરાવે છે જેનું કારણ વર્ષો વર્ષ સરકાર દ્વારા આ સુવિધાની જાળવણી તેમજ વિકાસ માટે કરવામાં આવેલ મહ્ત્તમ નાણાંકીય ફાળવણી છે.
- ગુજરાત રાજય દેશમાં માર્ગ સુવિદ્યામાં મોખરાનું સ્થાન ધરાવે છે.
- સતત વધતા જતા ટ્રાફીક ભારણને અસરકારક રીતે પહોંચી વળવા રાજય સરકાર દ્વારા માર્ગોને પહોળા કરવા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે.
- ચાલુ વર્ષે રાજયના એક હજાર પાંચ સો આઠ કિ.મી. લંબાઈના રસ્તાઓનું રૂા.ચાર હજાર ચારસો તેર કરોડની અંદાજીત રકમથી ચાર માર્ગીયકરણ / ૧૦ મીટર / ૭ મીટર પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં લાવી દેવામાં આવેલ છે.
- છસો અગિયાર કી.મી. લંબાઈના રૂા.બે હજાર આઠ સો ચોવીસ કરોડના કામો પણ ટુંક સમયમાં શરૂ થનાર છે.
- આપણું રાજય દેશમાં સૌથી લાંબો સોળ સો કી.મી. જેટલો દરિયા કિનારે ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- કોસ્ટલ માર્ગ સુવિધામાં વધારો કરવા આયોજનપુર્વકની કામગીરી તબકકાવાર રાજય સરકારશ્રીએ હાથ ધરેલ છે.
- બંદરોના અને તેના થકી રાજયના આર્થિક વિકાસ માટે ઘણી મહ્ત્વની તેવી આ યોજના હેઠળ ૧૫ જિલ્લાઓમાંથી પસાર થતા વલસાડના ગોવડા કલાઈ ને કચ્છના નારાયણ સરોવરથી જોડતા કોસ્ટલ હાઈવે ને રૂ.બે હજાર ચાર સો ચાલીસ કરોડના અંદાજીત ખર્ચે ૧૦ મીટર પહોળા કરવાનું ત્રણ તબક્કામાં આયોજન કરવામાં આવેલ છે .
- પ્રથમ તબક્કામાં કુલ બસો બોતેર કિ.મી. લંબાઈના ૨૫ રસ્તાઓના કામોને રૂ.છસો તાણું કરોડના ખર્ચે હાથ ધરેલ છે
- બીજા તબક્કાના કુલ એકસો તેવીસ કિ.મી. લંબાઈના ૨૧ રસ્તાઓના કામો માટે પુર્વ બાંધકામ પ્રક્રિયાઓ જેવી કે જમીન સંપાદન, યુટીલીટી શીફટીંગ તથા વન વિભાગની મંજુરી માટે રૂ.બસો પંચ્યાસી કરોડની મંજુરી મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- ❖ મારા મતવિસ્તારની વાત કરું તો,
- ❖ વાગરા મતવિસ્તારમાં વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન અન્ય કામો ઉપરાંત અગત્યનાં એવા
- ❖ આમોદ-રોઝા-ટંકારીયા-મુલેર-દહેજ રેડની ૬ કિ.મી. લંબાઈ માટે રૂા.બાર કરોડ,
- ❖ ચાંચવેલ-ઓચ્છણ વહીયાલ રોડની ૧૨ કી.મી. લંબાઈ માટે રૂા.નવ કરોડ,
- ❖ વાગરા- સારણ-સાયખા-ભેસરમ વિલાયત રોડની તેર કી.મી. લંબાઈ માટે રૂા.એકવીસ કરોડના કામોને મંજુરી આપવામાં આવેલ છે.
- ❖ વર્ષો વર્ષ માર્ગોનું માળખું સુદ્રઢ બનાવવાની કામગીરીના ભાગરૂપે કરવામાં આવતી નાણાંકીય ઉપલબ્ધી રાજયની માળખાકીય સુવિધાઓના વિકાસ માટે અત્યંત જરૂરી છે.
- ❖ તે ધ્યાને લેતાં વર્ષ ૨૦૨૩-૨૪ની વિભાગની પુરક નાણાકીય માંગણીને હું સમર્થન કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

❖ કોંગ્રેસ કી સરકાર જબ થી તબ સડકે દેરી સે પોહચાતીથી ઓર ભાજપ કી સડકે ઝડપી વિકાસ કી સડકે બન ગઈ

❖ભારતીય જનતા પાર્ટી કી સોચ હે કી સડકે અચ્છી હોંગી તો માલવાહક વાહનો કો સુવિધા હોગી ઔર વ્યાપારીયો તક સામાન સમય પર પહુંચેગા જિસસે લોગો કો જીવન કી જરૂરીયાત વાલી ચીજે આસાની સે મિલ સકે.

❖વિકાસ કી બાત કી જાય તો....

❖વિપક્ષ કે સદસ્ય સુનીયે...

❖હમારે પ્રધાનમંત્રી શીરફ સમુદ્ર કે તટ પર ટહલે ઓર ખુરશી લગા કે  બેઠ ગયે તો દુસરા દેશ ડુબ ગયા.